

Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૧૮ | જુન-જુલાઇ - ૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**બનાસ ડેરી, જાપાનની સુઝુકી કંપની અને એન.ડી.ડી.બી સાથે મળી બનાસકાંઠા જિલ્લામાં સ્થાપશે આધુનિક બનાસ બાયો CNG પ્લાન્ટ.**

**દેશના સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે બનાસકાંઠા જિલ્લાના સહકારી આગેવાનો સાથે કરી બેઠક.**

**ફીજી દેશના પ્રતિનિધિ મંડળે બનાસ ડેરીની મુલાકાત અને ડેરીના કામની પ્રશંસા કરી.**



# દેશના સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે બનાસકાંઠા જિલ્લાના સહકારી આગેવાનો સાથે કરી બેઠક

**થરાદ તાલુકાના ચાંગડા ખાતે સહકારી સેવાઓનું નિરીક્ષણ કર્યું.**

**દૂધ ઉત્પાદક મહિલા સભ્યોમાં ઝીરો ટકા વ્યાજ સાથેના માઈક્રો ATM રૂપે કાર્ડ વિતરણ કરવામાં આવ્યા.**

**મહિલા પશુપાલક આત્મનિર્ભર બને તે દિશામાં મહત્વનું પગલું ભરાયું.**






દેશમાં આજે સહકારિતા દિન નિમિત્તે ઉજવણી થઈ રહી છે. બનાસકાંઠાના સહકારિતા મોડેલની દેશભરમાં ચર્ચા છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહજી બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. સહકારી માળખા દ્વારા ગામડાઓમાં મળતી સેવાઓના નિરક્ષણ અર્થે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહજી એ થરાદ તાલુકાના ચાંગડા ગામે વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સહકારી માળખાકીય સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના સરહદી થરાદ તાલુકાના છેવાડાના ગામ ચાંગડા ખાતે કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહજીની ઉપસ્થિતિને પગલે ગામમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ ખૂબ ઉત્સાહ સાથે શ્રી અમિત શાહનું સ્વાગત કર્યું હતું. લોકોનો અદમ્ય ઉત્સાહ જોઈ શ્રી અમિતભાઈ શાહે પણ લોકો રૂબરૂ મળી હસ્તધનુન કરી અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે ચાંગડા દૂધ ઉત્પાદન મંડળીની દૂધ ઉત્પાદક મહિલા સભ્યોને ઝીરો ટકા વ્યાજ સાથેના માઈક્રો ATM રૂપે કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ સહકારી પાયલોટ પ્રોજેક્ટ, પેક્સ કાર્યાલય અને સેવા સહકારી મંડળીના ગોડાઉનની મુલાકાત સાથે બનાસ ડેરી, બનાસ બેન્ક અને માર્કેટયાર્ડ તેમજ જિલ્લા સંઘ, તાલુકા સંઘના ચેરમેનો, ડિરેક્ટરો, આગેવાનો અને હોદેદારો સાથે રાજેશ્વર મંદિર ખાતે સંવાદ કર્યો હતો. ક્રેડિટ કાર્ડ થકી પશુપાલક મહિલાઓ રુપિયા ૫૦ હજાર સુધીની 0% ના વ્યાજે ખરીદી કરી શકે છે. આ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પશુપાલક મહિલાઓનો આર્થિક ઉત્થાન થાય તે માટે કિસાન ક્રેડિટ કાર્ડ આપીને પશુપાલક મહિલાઓ પગભર થાય તે દિશામાં મહત્વનું એક પગલું છે.

આ પ્રસંગે બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી, રાજ્યના સહકારિતા મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પૂર્વ સાંસદશ્રી પરબતભાઇ પટેલ, સંગઠન જિલ્લા પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા, બનાસ બેંકના ચેયરમેનશ્રી સવશીભાઈ ચૌધરી સહિત સહકારી અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# વિશ્વની અગ્રણી કાર નિર્માતા સુઝુકી કંપની બનાસ ડેરીનાં આંગણે...

**બનાસ ડેરી, જાપાનની સુઝુકી કંપની અને એન.ડી.ડી.બી સાથે મળી બનાસકાંઠા જિલ્લામાં સ્થાપશે આધુનિક બનાસ બાયો CNG પ્લાન્ટ**

**સુઝુકી કંપની, જાપાનના પ્રમુખ શ્રી તોશીહીરો સુઝુકી બનાસ ડેરીનાં વિવિધ પ્લાન્ટની મુલાકાત કરી પશુપાલકો સાથે સંવાદ કર્યો.**

**બનાસ ડેરી પશુપાલકોના કલ્યાણ અર્થે સતત પ્રયાસ કરી રહી છે, જેમાં અમે પણ ભાગીદાર બનવા તૈયાર છીએ:**

**તોશીહીરો સુઝુકી**
**સુઝુકી કંપની, જાપાનના પ્રમુખ**



બનાસ ડેરી અને એન.ડી.ડી.બીના સંયુક્ત ઉપક્રમે બાયો સીએનજી ગેસ સ્ટેશનની સંખ્યા વધારવા તકનીકી તેમજ આર્થિક મદદ માટે જાપાનની સુઝુકી કંપનીએ ભારતીય ડેલિગેશનને આમંત્રણ આપી ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ જાપાનનાં ટોક્યો ખાતે ૧,૦૦,૦૦૦ કિલો છાણની ક્ષમતા ધરાવતા ૪ નવા બયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેના કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં ૪ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે અને ભવિષ્યમાં બીજા વધારાના પ્લાન્ટોની સ્થાપના પણ કરાશે. જેના ભાગરૂપે ૨૬ જુલાઈ ૨૦૨૪ના રોજ સુઝુકી કંપની, જાપાનના પ્રમુખ શ્રી તોશીહીરો સુઝુકી બનાસકાંઠાની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન તોશીહીરો સુઝુકી દામા ખાતેના બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લીધી હતી તથા પાલનપુર ડેરી ખાતે ચીઝ પ્લાન્ટની અને સણાદર પ્લાન્ટ ખાતે પોટેટો પ્રોસેસીંગ પ્લાન્ટની પણ મુલાકાત કરી હતી. બનાસ બાયોગેસ પ્રોજેક્ટની સફળતાથી પ્રેરાઈ સુઝુકી કંપનીએ બનાસડેરી સાથે મળી એન.ડી.ડી.બી.ના સહયોગથી બનાસકાંઠા જિલ્લામાં બીજા વધુ બાયોગેસ પ્લાન્ટોની સ્થાપના માટેની સ્વૈચ્છિક પણે તૈયારી દર્શાવી છે.

આ મુલાકાત દરમિયાન સણાદર પ્લાન્ટ ખાતે આયોજિત ખેડૂત સંમેલનમાં સુઝુકી રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઇન ઇન્ડિયા (SRDI), NDDB અને બનાસડેરી વચ્ચે બાયોગેસ ટેકનોલોજીમાં તકનીકી સંશોધન માટે જાપાનની ટોયોહાષિ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીના વૈજ્ઞાનિકોની મદદથી વધુ કાર્યક્ષમ પ્લાન્ટની ડીઝાઈનો તૈયાર કરવામાં આવશે અને તે ટેકનોલોજી મુજબ પાંચમા પ્લાન્ટની સ્થાપના થરાદ વિસ્તારમાં કરવા માટેના MOU કરવામાં આવ્યા હતા. આ કરાર પ્રમાણે બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં રૂરલ મોબિલિટી પ્રોજેક્ટ થકી રોજગારી ઉત્પન્ન કરવા માટે સુઝુકી કંપની દ્વારા લિઝ મોડેલ ઉપર મારુતિ સુઝુકીની ઈકો વાહનો દ્વારા રૂરલ એન્ટરપ્રિન્યોર પણ તૈયાર કરવામાં આવશે. જેના પ્રાયોગિક પાયલોટ પ્રોજેક્ટ રૂપે બે ગામ પસંદ કરી ગામ દીઠ પાંચ મારુતિ સુઝુકી ઈકો વાહન લિઝ ધોરણે આપવામાં આવી હતી.

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીએ પર્યાવરણ જાળવણી અને કાર્બન સસ્ટેનિબિલિટીની દિશામાં એક મહત્ત્વનું કદમ ભર્યું છે. પશુઓના છાણમાંથી બાયો સીએનજી તૈયાર કરીને વાહનોમાં ઇંધણ તરીકે ઉપયોગમાં લેવાય તેમજ તેની ગૌણ પેદાશમાંથી ઉત્તમ પ્રકારનું લિક્વિડ પ્રાકૃતિક ખાતર પેદા થાય એ દિશામાં આગળ વધવા બનાસ ડેરી અને જાપાનની સુઝુકી કંપની વચ્ચે મહત્વપૂર્ણ કરાર થયા છે. જે માટે સુઝુકી કંપની બનાસકાંઠા જિલ્લામાં પાંચ સીએનજી પ્લાન્ટ ઊભા કરવા રૂ.૨૫૦ કરોડથી વધુના રોકાણ તેમજ જાપાનની ટેકનોલોજી પણ પૂરી પાડશે.



પશુપાલકોના પશુઓના છાણ, મૂત્રમાંથી એક સર્ક્યુલર ઈકોનોમી ઊભી કરવાના હેતુથી ૨૦૧૯માં બનાસ ડેરીએ ડીસા તાલુકાના દામા ગામ ખાતે પાયલોટ પ્રોજેક્ટ સ્થાપી બાયોગેસ પ્લાન્ટ સ્થાપ્યો હતો. આ પ્રોજેક્ટથી પ્રેરાઈને જાપાનની જાણીતી મોટરકાર કંપની સુઝુકીએ વિશેષ રસ દાખવી વધુ પાંચ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા બનાસ ડેરી સાથે કરાર કર્યા હતા. હવે આ પ્રોજેક્ટ્સ આગળ વધી રહ્યા છે અને દૈનિક પાંચ લાખની ક્ષમતા સાથેના કુલ પાંચ સીએનજી પ્લાન્ટ્સ સાથે ફિલિંગ સ્ટેશનો ઊભા કરવામાં આવશે. જે ૨૦૨૫ સુધીમાં કાર્યરત થશે. આ પ્લાન્ટ હયાત પ્લાન્ટ ઉપરાંત ધાનેરા, વડગામ, દીયોદર, ડીસા અને થરાદ ખાતે સ્થપાશે. પ્લાન્ટ માટે બનાસ ડેરી દ્વારા જમીન ફાળવવામાં આવશે જ્યારે પ્લાન્ટ અને સ્ટેશન તેમજ અન્ય ટેક્નોલોજીકલ મળી રૂ.૨૫૦ કરોડથી વધુના રોકાણ સુઝુકી કંપની દ્વારા થશે.

સુઝુકી કંપની, જાપાનના પ્રમુખ શ્રી તોશીહીરો સુઝુકીએ કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે જ્યારે બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી જાપાન આવ્યા હતા ત્યારે તેમણે મને બનાસકાંઠા આવવા માટે આમંત્રણ આપ્યું અને આજે હું બનાસકાંઠાની ધરતી પર આવ્યો છું. હું ખુબ જ આનંદ અનુભવું છું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દૂધ સિવાયના અન્ય વ્યવસાયોમાં આગળ વધી રહી છે. જેમાં ખાસ કરીને બાયોગેસનાં ઉત્પાદનમાં વધુ પ્રગતી કરી રહી છે. બનાસ ડેરી, સુઝુકી કંપની અને એન.ડી.ડી.બીનું કાર્ય અલગ અલગ છે, પરંતુ ત્રણેય સાથે મળીને એક સંયુક્ત પરિયોજના પર કામ કરશે અને સફળતા પ્રાપ્ત કરશે. વાહનો ચલાવવા માટે ઈંધણ એટલે કે તેલ બહારના દેશમાંથી આયાત કરવામાં આવતું હતું, પરંતુ હવે બનાસકાંઠાની ધરતી પર બાયોગેસ સી.એન.જી ઉત્પન્ન કરવામાં આવશે એટલે કે ઈંધણ બહારથી આયાત કરવાની જરૂરત ઊભી નહિ થાય. અમે જિલ્લામાં વધુ બાયો સી.એન.જી પ્લાન્ટ સ્થાપીશું તેમજ પશુપાલકોના જીવનને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયાસ કરીશું. આજે અમે જે પાંચમા પ્લાન્ટ માટે એમ.ઓ.યુ કર્યા છે તેમાં જાપાની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે અને આધુનિક સુવિધાથી સજ્જ કરાશે. અમે એવો પ્રયાસ કરવામાં માંગીએ છીએ કે કોઈ પાસે વાહન નાં હોય તો પણ તે વાહન ચલાવી શકે એટલે કે અમે સાથે મળીને 'કાઉ ડંગ મોબેલિટી' ની શરૂઆત કરવાના પ્રયાસ કરીશું. પશુનાં ગોબરમાંથી બનેલ બાયોગેસ દ્વારા વાહન ચલાવીને એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે છે તો અમે વિશ્વમાં પ્રથમ 'કાઉ ડંગ મોબેલિટી' ની શરૂઆત બનાસકાંઠાથી જ કરીશું.



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દિશા સૂચન અને બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસડેરી દ્વારા જિલ્લાના પશુપાલકોની આવક વધારવા તથા વેસ્ટને વેલ્થથી બદલી સરક્યુલર ઈકોનોમી ઊભી કરવાના હેતુ સાથે જૂન ૨૦૧૯ માં બનાસકાંઠા જિલ્લાના દામા ગામમાં પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે ૪૦,૦૦૦ કિગ્રા/દિવસની ક્ષમતા ધરાવતા સામુદાયિક બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી. આ પ્લાન્ટમાં દામા ગામની આસપાસના છ ગામોના ૧૫૦ પશુપાલકો પાસેથી રૂ.૧ કિલોના દરે છાણ ખરીદવામાં આવે છે, જેના માંથી પ્રતિદિન ૫૦૦-૬૦૦ કિલો. બાયો-સીએનજી અને ૧૦-૧૨ મેટ્રિક ટન જૈવિક ખાતરનું પણ ઉત્પાદન થાય છે.

હાલમાં કાર્યરત પ્લાન્ટ, નવીન બની રહેલ પ્લાન્ટો અને ભવિષ્યમાં બનવાના છે તે પ્લાન્ટો થકી પ્રદૂષણ ઘટાડવામાં અને પર્યાવરણને જાળવવામાં બનાસડેરી નિર્ણાયક ભૂમિકા ભજવશે અને ગ્રીન તથા ક્લીન એનર્જિ પણ ઉત્પન્ન કરશે.CNG વાહનો માટે બળતણનું વિતરણ કરવા માટે દરેક પ્લાન્ટની સાથે બાયોગેસ ફિલિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે,તદઉપરાંત જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક ખાતરનું પણ મબલક ઉત્પાદન આ બાયોગેસ પ્લાન્ટો થકી કરવામાં આવશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે "આજનો દિવસ ભારત માટે ગૌરવનો દિવસ છે અને બનાસકાંઠા માટે એક નવો આયામ અને નવી શરૂઆતનો દિવસ છે. પાંચ વર્ષ પહેલા અમે બાયો સી.એન.જી પ્લાન્ટની શરૂઆત કરી હતી. જ્યારે શરૂઆત કરી ત્યારે અમારી પાસે કોઈજ સંદર્ભ ન હતો. અમારી પાસે માત્ર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ આપેલ માર્ગદર્શન હતું.
એમણે જણાવ્યું હતું કે આ ગોબર નથી પરંતુ ગોબરધન છે, આ વેસ્ટ નહિ પરંતુ વેલ્થ છે. પીએમ મોદીની આ વાતને સ્વીકારીને બનાસ ડેરીની પુરી ટીમે બાયો સી.એન.જીમાં સફળતા પ્રાપ્ત કરી અને છેલ્લા ચાર વર્ષથી અમે સફળતાપૂર્વક આ પ્લાન્ટ ચલાવી રહ્યાં છીએ. જે આજે સમગ્ર ભારત માટે પ્રેરણાદાયી બની ગઈ છે. બનાસ ડેરીએ ગોબરમાંથી વાહનોને દોડતા કર્યા છે, એ જોઈને વિશ્વભરના લોકો આજે આશ્ચર્યચકિત છે. દુનિયાના ખૂણે ખૂણે લોકો બનાસ ડેરીનાં બનાસ બાયો સી.એન.જી પ્લાન્ટને જોવા અને અભ્યાસ કરવા માટે બનાસકાંઠામાં આવે છે. આ સફળતામાં એ.ડી.ડી.બી અને સુઝુકી કંપનીએ સપૂર્ણ સહયોગ આપ્યો છે અને આ દિશામાં આગળ વધવા આજે સુઝુકી કંપનીએ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ સફળતા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, એન.ડી.ડી.બી, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનું છું. બનાસવાસીઓ સુઝુકી કંપનીના આભારી છે કે તેમણે બનાસ ડેરી- સહકારી ક્ષેત્ર ઉપર ભરોસો કર્યો. સાથ સહકારથી સપૂર્ણ સફળતા પ્રાપ્ત કરશું."

બનાસકાંઠામાં ૧૬ લાખથી વધુ પુખ્ત પશુઓ છે, જે દરરોજ ૨.૪ કરોડ કિલોગ્રામથી વધુ છાણનું ઉત્પાદન કરે છે. જો આ ગાયના છાણમાંથી ૨૦% બાયોગેસ ઉત્પાદન માટે વાપરવામાં આવે તો એકલા બનાસકાંઠામાં ૧૦૦ થી વધુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપી શકાય. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન અને વિઝનને અનુસરીને બનાસડેરી ગોબરધનના પ્રોજેક્ટ થકી જિલ્લામાં સ્વચ્છ ઇંધણ અને જૈવિક ખતરોનું ઉત્પાદન કરી સર્ક્યુલર ઈકોનોમી પ્રસ્થાપિત કરવા માટે આગળ વધી રહી છે. શરૂઆતના પ્રાયોગિક પ્લાન્ટની સફળતા પછી સુઝુકી કંપનીના સહયોગથી વધારેમાં વધારે બાયોગેસ પ્લાન્ટોની જિલ્લામાં સ્થાપના કરવામાં આવશે એવું બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું.





**ચેરમેન**

**શ્રી શંકરભાઈની વિશેષ ઉપસ્થિતિમાં જાપાનની સુઝુકી કંપનીના પ્રમુખ શ્રી તોશિહિરો સુઝુકી તથા તેમની ટીમે બનાસ ડેરીનાં વિવિધ પ્લાન્ટોની મુલાકાત લીધી તે સમયનાં દ્રશ્યો!**









# ફીજી દેશના પ્રતિનિધિ મંડળે બનાસ ડેરીની મુલાકાત અને ડેરીના કામની પ્રશંસા કરી

બનાસ ડેરી શ્વેતક્રાંતિનું સર્જન કરીને દુનિયાભરમાં ઉદાહરણરૂપ બની છે ત્યારે દેશ-વિદેશના લોકો ડેરી ઉદ્યોગ અંગેના અભ્યાસ અર્થે બનાસ ડેરીની મુલાકાતે આવતા હોય છે. ફીજી દેશના પ્રતિનિધિ મંડળ ૨૨ જુલાઈથી ૩૧ જુલાઈ સુધી ગુજરાતના અમૂલ ફેડરેશનની મુલાકાતે આવેલ, તે દરમિયાન તેમણે તારીખ ૨૯ અને 30 જુલાઈના રોજ બનાસ ડેરી, પાલનપુરની મુલાકાત કરી સંકુલમાં ચાલતી વિવિધ કામગીરી સહીત અન્ય વિકાસલક્ષી કાર્યોથી અવગત થયા હતા.

ફીજી દેશના પ્રતિનિધિ મંડળે બે દિવસ બનાસ ડેરીની મુલાકાત કરીને માત્ર ગુજરાત જ નહિ, પરંતુ દેશભરના ડેરી ઉદ્યોગમાં બનાસ ડેરીના અભૂતપૂર્વ યોગદાન અને દૂધ ઉત્પાદન સિવાયના અન્ય સાહસો સંદર્ભે અભ્યાસ કર્યો હતો. તેમણે બનાસ ડેરીનાં આઈસ્ક્રીમ પ્લાન્ટ , યુ.એચ.ટી પ્લાન્ટ , લિક્વિડ મિલ્ક પ્લાન્ટ, મધ પ્લાન્ટ, ટી.એચ.આર પ્લાન્ટ, ઓઈલ પ્લાન્ટ અને બાયોગેસ સી.એન.જી પ્લાન્ટની મુલાકાત કરી હતી. વધુમાં તેમણે બનાસ ડેરીએ દૂધ ઉત્પાદન સિવાય શરૂ કરેલ અન્ય સાહસો વિશે જાણીને ચેરમેન શંકરભાઈના નેતૃત્વમાં થયેલ અભૂતપૂર્વ વિકાસલક્ષી કાર્યોની ખુબ જ પ્રશંસા કરી હતી

બનાસકાંઠા જિલ્લાના જોઈતા ગામમાં આવેલ આદર્શ ડેરી ફાર્મ પર જઈને ફીજી દેશના પ્રતિનિધિ મંડળે ગ્રામ્ય વિસ્તારમાં મોટા પાયે કરવામાં આવતા પશુપાલન વ્યવસાય અંગેની વિસ્તારથી માહિતી મેળવી તેમજ બનાસ ડેરીની ટીમ સાથે ડેરી ઉદ્યોગ, સંઘના વહીવટ, નેતૃત્વ અને વિકાસલક્ષી પ્રોજેક્ટ સંદર્ભે સવિસ્તાર ચર્ચા કરી વિવિધ પાસાઓની માહિતી મેળવી હતી. ચેરમેન શંકરભાઈના નેતૃત્વમાં બનાસ ડેરી દૂધ ઉત્પાદન સિવાય અન્ય કેટલાય સાહસો શરૂ કરીને પશુપાલક તેમજ ખેડૂતોની આવક બમણી કરવામાં સફળ રહી છે, જે વિશ્વના લોકો માટે પ્રેરણાદાયી છે. બનાસ ડેરી સહકારી ક્ષેત્ર તેમજ ડેરી ઉદ્યોગ અંગે અભ્યાસ કરવા માટેનું એક કેન્દ્રસ્થાન બની ગઈ છે, જેના લીધે આજે વિશ્વભરનાં લોકો બનાસનાં સહકારી માળખાનો અભ્યાસ કરવા બનાસ ડેરીની મુલાકાતે આવે છે.










# બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવા લોકભાગીદારી સાથે બનાસ ડેરીએ બનાવ્યા લાખો સીડબોલ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનાં નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે કુદરતી સૌંદર્ય એવા પર્વતો પણ હરિયાળા બને તે અભિગમ સાથે સીડબોલ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે રીતે જેસોર પર્વતોને હરિયાળા બનાવવાના પ્રયાસ કરાયો હતો, એજ રીતે આ વર્ષે પણ માનનીય ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને સીડબોલ મહાઅભિયાન અંતર્ગત લાખો સીડબોલ વાવેતરનો કાર્યક્રમનું આયોજન કરવાની તૈયારીઓ કરાઇ રહી છે, જે અંતર્ગત લાખો સીડબોલ બનાવવામાં આવ્યા છે. એક સમયે સુકાભઠ્ઠ અને રણ વિસ્તાર તરીકે ઓળખાતો જિલ્લો પોતાની ઓળખ હરિયાળા બનાસકાંઠા તરીકે ઉભી કરવા દરવર્ષની જેમ લોકભાગીદારી સાથે બનાસ ડેરીનાં સહયોગથી સીડબોલ રોપણનું ભવ્ય આયોજન કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

આજથી ૭-૮ વર્ષ પહેલા અંબાજીનાં પર્વતો સુકાભઠ્ઠ દેખાતા હતા, વૃક્ષોની સંખ્યા નહતી અને જંગલનો વિસ્તાર ઘટી રહ્યો હતો. આ સ્થિતિને જોઈને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરી દ્વારા ચાલી રહેલ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત સીડબોલ અભિયાન શરૂ કરીને આ પર્વતો ઉપર સીડબોલના માધ્યમથી અલગ અલગ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરીને વૃક્ષોની સંખ્યા વધારવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ સંકલ્પને સાકાર કરવા છેલ્લ્લા કેટલાક વર્ષોથી બનાસ ડેરીએ દરવર્ષે સીડબોલ બનાવીને આ પર્વતીય વિસ્તારમાં તેનું વાવેતર કરે છે. આ વર્ષે પણ અંબાજીના પહાડો ઉપર વૃક્ષોની ઘટતી સંખ્યાની ચિંતા કરીને લીલોતરી વધારવા માટે બનાસ ડેરી દ્વારા અનેક ગામોમાં ગામલોકોને સહયોગ દ્વારા ગાય અને ભેંસના છાણ અને કાંપવાળી માટીમાંથી સીડબોલ બનાવવામાં આવ્યા છે. આ સીડબોલ અલગ-અલગ પ્રકારના વૃક્ષોના બીજ મૂકીને તેને પેક કરવામાં આવ્યા છે, જે તમામ સીડબોલ પહાડો અને જંગલ વિસ્તારમાં અલગ-અલગ ટુકડીઓ બનાવીને તેનું વાવેતર કરવામાં આવશે.

છેલ્લા વર્ષે અંબાજી યાત્રાધામની આજુબાજુ આવેલ પર્વતો તેમજ ૫૧ શક્તિપીઠોને વધુ હરિયાળા બનાવવા દૂધ મંડળીઓના પશુપાલકો, બનાસડેરીના કર્મચારીઓ અને પર્યાવરણ પ્રેમીઓની ભાગીદારી સાથે ૧ કરોડ સીડબોલ મૂકીને ૧.૫ કરોડ કરતાં પણ વધુ વૃક્ષબીજનું વાવેતર કરાયું હતું. આ વર્ષે પણ લાખો સીડબોલ તૈયાર કરવામાં આવ્યા છે, જેનું વાવેતર ચોમાસા પહેલા કરવામાં આવશે. આ સીડબોલ ચોમાસામાં આપોઆપ કુદરતી રીતે અંકુરિત થઈને ઘટાદાર જંગલમાં પરિવર્તિત થઇ જશે. ઊંડાણ વાળા વિસ્તારોમાં જ્યાં પહોંચવું અઘરુ હોય તેવી જગ્યાએ ડ્રોન થકી સીડબોલનું વાવેતર કરવામાં આવશે.

ઝડપી અને વ્યાપક વનીકરણ માટે સીડબોલ ફેંકવા માટે ડ્રોનનો ઉપયોગ કરવો જરૂરી છે એટલે ડ્રોનથી મદદથી સીડબોલ ફેંકવામાં આવશે. અંબાજી વિસ્તારમાં આવેલા પર્વતો હરિયાળા તેમજ શક્તિપીઠ અંબાજી મંદિરનું ડેવલોપમેન્ટ વધુ થાય તેવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની આસ્થા રહેલી છે, તેને પરીપુર્ણ કરવાં બનાસ ડેરી તત્પર છે એવું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું માનવું છે.





બનાસ ડેરી દ્વારા શરૂ કરાયેલ વૃક્ષારોપણ અભિયાન તેમજ સીડબોલ અભિયાન પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરશે. અંબાજીનાં પહાડો ઉપર સીડબોલના વાવેતર થકી જંગલનો વિસ્તાર વધશે, અંબાજી યાત્રાધામનાં પર્વતોમાં લીલોતરી વધશે, મંદિરની આજુબાજુનો વિસ્તાર હરિયાળો અને રમણીય બનશે. યાત્રાધામની સુંદરતામાં વધારો થશે તેમજ શક્તિપીઠોની શોભા વધશે. બનાસકાંઠા જિલ્લાની અંદર બનાસ ડેરીએ સીડબોલ મહાઅભિયાન શરુ કર્યું હતું, લોકોની ભાગીદારીથી એ અભિયાન આજે વિરાટ બની ગયું છે. આ સીડબોલ મહાઅભિયાન કાર્યક્રમમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, નિયામક મંડળ, કર્મચારીઓ, દૂધ ઉત્પાદકો, પર્યાવરણ પ્રેમીઓ પણ જોડાશે.

પહાડો ઉપર મોટાપાયે વૃક્ષારોપણ થાય તે માટે બનાસ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૨ માં ૨૦ લાખ સીડબોલ તેમજ છેલ્લા વર્ષે ૧ કરોડ સીડબોલ બનાવવામાં આવ્યા હતા , જે પહાડો ઉપર વાવેતર કરાયા હતા, જે વરસાદ આવતા જ અંકુરિત પણ થયા હતા. છેલ્લા કેટલાય સમયથી જંગલ વિસ્તારમાં પણ જંગલી પ્રાણીઓનો ખોરાક મળી રહે તે પ્રકારના વૃક્ષોની સંખ્યા ઘટી છે. જેને લઈને ખોરાકની શોધમાં જંગલી પ્રાણીઓમાં માનવ વસાહતમાં આવતા અનેક લોકો ઉપર જંગલી પ્રાણીઓના હુમલાની ઘટનાઓ પણ ઓછી થઇ છે. જંગલ અને પહાડો હરિયાળા બને તે માટે બનાસ ડેરી સાથે મળી બનાસકાંઠાના અનેક ગામડાઓના લોકો સીડબોલ બનાવી વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે. લોકોનુ કહેવું છે કે વૃક્ષારોપણથી વરસાદની અનિયમિતતા ઓછી થશે અને જિલ્લો હરિયાળો બનશે. બનાસ ડેરી દ્વારા વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયુ છે, જેને લઈને અમે સીડબોલ બનાવી રહ્યા છીએ. બનાસકાંઠા જિલ્લામાં સૌથી મોટો પ્રશ્ન વરસાદની અછત અને ઉંડા જતા ભૂગર્ભ જળ છે. જે વચ્ચે બનાસ ડેરીનું વૃક્ષારોપણ અભિયાન અને જળ સંચય અભિયાન આગામી સમયમાં પાણીની તંગી દૂર કરશે તેમજ સૂકા ભઠ્ઠ વિસ્તારને લીલોછમ બનાવશે.



બનાસ ડેરી સાથે
જોડાયેલ મહિલા પશુપાલકોએ
શ્વેતક્રાંતિ પછી હરિયાળી ક્રાંતિ
સર્જવાના ઉદ્દેશ્ય સાથે
સેભરગોગ વિસ્તારમાં આવેલા
પર્વતો ઉપર સીડબોલનું
વાવેતર કર્યું હતું.







દેશનું ભવિષ્ય એવા
લોકનિકેતન શાળાના
બાળકોએ સેબલપાણી
તેમજ
બનાસ મેડિકલ કોલેજના
વિદ્યાર્થીઓએ રાણીટોક
વિસ્તારના સુકા પહાડો
ઉપર સીડબોલનું
વાવેતર કરીને
બનાસકાંઠાને હરિયાળો
સંદેશ આપ્યો હતો.









# ઈતરડી નાબુદી અભિયાન

**ઈતરઈતરડીનાં કરડવાથી ઉત્પન્ન થતાં જખમ અને રોગો સામે રક્ષણ પૂરું પાડવા બનાસ ડેરીએ ગામે ગામ શરૂ કરાયું. ડી નાબુદી અભિયાન**

ઈતરડીના કરડવાથી પશુઓને થતાં અનેક પ્રકારના રોગોના કારણે પશુપાલકોને દૂધ ઉત્પાદનમાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે ત્યારે દરવર્ષની જેમ આ ચાલુ વર્ષે પણ બનાસ ડેરીએ ઈતરડી નાબુદી માટે કાર્યવાહી હાથ ધરી છે. બનાસ ડેરીના વેટનરી વિભાગના ડોક્ટરશ્રીઓ દ્વારા બનાસકાંઠા જિલ્લાના દરેક પશુપાલકનાં ઘરે ઘરે જઈને પશુઓની ચકાસણી કરવામાં આવે છે, પશુઓનાં શરીર ઉપર તેમજ પશુને રાખવા માટેની જગ્યાએ પણ દવાનો છંટકાવ કરવામાં આવે છે. કારણ કે અમુક સજોગોમાં ઈતરડીઓ જમીન તથા તિરાડોમાં ચોટી જાય છે, જે ફરી પશુને કરડી શકે છે. એટલા માટે જ સંપૂર્ણરીતે ઈતરડી નાબુદીનાં અભિગમ સાથે પશુ તેમજ પશુને રહેવાની જગ્યાઓ પર દવાનો છંટકાવ કરવામાં આવે છે.

## ઈતરડી કરડવાથી પશુધનને થતું નુકશાન:

પશુઓમાં સામાન્ય રીતે અનેકાનેક પ્રકારની ઈતરડીઓ જોવા મળે છે. જેમાં સામાન્યતઃ જોવા મળતી ઈતરડીઓમાં મુખ્યત્વે કઠણ કવચવાલી ઈક્ઝોડ્સ, બુફીલસ, રીપીસીફેલસ, હિમોફાઈસેલીસ, ડરમાસેન્ટર, એમ્બ્લીઓમા, હાયલોમા અને નરમ કવચવાલી ઓટોબીઅસ તથા ઓરનીથોડોરસ છે. તદ્પરાંત પક્ષીઓની અરગસ પ્રજાતિની નરમ કવચવાલી ઈતરડીઓ પણ ઘણીવાર ખોરાકની શોધમાં પશુઓ પર હુમલો કરે છે. ઈતરડીનાં કરડવાથી પશુનાં શરીર પર નાનાં નાનાં જખ્મો થાય છે, જે ખુબજ વેદના ઉત્પન્ન કરે છે અને તેમાં બ્લો ફ્લાઈઝ, સ્ક્રૂ-વોર્મ ફ્લાઈઝ (સર્પિલ કૃમિ માંખો) અને અન્ય કરડતી માંખીઓ ઈંડા મુકવા માટે આકર્ષાય છે. પશુનાં શરીરમાંથી લોહી ચૂસે છે. વિષાણું (વાઈરસ), રીક્રેટસિયા, જીવાણું અને પ્રોટોઝુઆંનું પ્રસારણ કરે છે. ઈતરડીનાં કરડવાથી થતાં જખમથી અને લોહી ચૂસવાને કારણે પશુને ઘણું નુકશાન થાય છે અને જયારે પશુનાં શરીર પર મોટી સંખ્યામાં હોય છે ત્યારે લોહી ચૂસવાને કારણે પશુને રક્તક્ષીણતા થાય છે. ઈતરડીનાં હુમલાને કારણે નાનાં નાનાં જખમ થવા, વેદના થવી, સોજો આવવો વગેરે પશુઓ પરેશાન થઇ જાય છે. પુરતો ખોરાક લઇ શકતા નથી, શરીર ક્ષીણ થતું (સુકાતું) જાય છે. જેણે લઈને ઉત્પાદન શક્તિ (દૂધ,શરીર) ઘટે છે અને જો ઈતરડીનાં નિયંત્રણનાં યોગ્ય પગલાં ભરવામાં ન આવે તો પશુઓનું મૃત્યુ પણ થાય છે. ઈતરડીનાં કરડવાથી ઉત્પન્ન થતાં જખમમાં જીવાણુંઓ દાખલ થઈને ક્રિયાશીલ બનવાથી પરું ઉત્પન્ન થાય છે. સાથોસાથ પશુઓની ચામડી પણ ખરાબ થઇ જાય છે.

પશુના શરીરમાં ઈતરડી ચોંટી જાય છે જે પશુ ના શરીર માંથી લોહી સતત ચૂસતી રહે છે જેનાથી પશુ બેચેન રહે છે અને તેની અસર પશુના દૂધ ઉત્પાદન પર પણ પડે છે. અમુક દૂધ ઉત્પાદકોના પશુઓના રહેઠાણમાં તેમજ પશુઓના શરીર ઉપર ઈતરડીઓ જોવા મળે છે, જેના લીધે એચ.એફ.(શંકર) ગાયોને ગાંઠિયો તાવ (થાયલેરિયા), લોહી પાતળું થવું, પેશાબ લાલ થવો (બબેસીયા), શરીર પીળાશ પડવું (એનાપ્લાઝમા) જેવા અનેક રોગો થાય છે. જેના કારણે પશુઓમાં દૂધ ઉત્પાદન ઘટી જાય છે, વારંવાર ઉથલા મારે છે તેમજ અમુક પશુઓ મરણ પણ પામે છે, જેથી પશુપાલકોને ઘણુંજ આર્થિક નુકશાન ભોગવવું પડે છે.










## ઈતરડી નાબુદી અભિયાન

સદર નુકશાનથી દૂધ ઉત્પાદકોને બચાવવા માટે બનાસ ડેરી દ્વારા ઈતરડી નાબુદી અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જે પશુપાલકો ફાર્મ પર ઈતરડીનો ઉપદ્રવ હોય તે પશુપાલકો માટે વેટનરી સેન્ટરના ડોક્ટરશ્રીના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરીને પોતાનું નામ, ગામ અને મોબાઈલ નંબર નોધાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે ડોક્ટરશ્રી પશુપાલકના ફાર્મમાં આપેલા સમયગાળા દરમ્યાન જઈને ઈતરડી નાબુદી માટે કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસ ડેરીનાં વેટનરી વિભાગના ડોક્ટરશ્રીઓ એ બનાસકાંઠા જિલ્લાના દરેક પશુપાલકનાં ઘરે ઘરે જઈને પશુઓની ચકાસણી કરી હતી. ઈતરડીની દવાનો છંટકાવ કર્યો હતો. પશુને રાખવા માટેની જગ્યાએ પણ દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો, કારણ કે અમુક સજોગોમાં ઈતરડીઓ જમીન કે તિરાડોમાં ચોટી ગઈ હોય છે, જે ફરી પશુને કરડી શકે છે. એટલા સંપૂર્ણરીતે ઈતરડી નાબુદીનાં અભિગમ સાથે પશુ તેમજ પશુને રહેવાની જગ્યા પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

## ઈતરડી કરડવાથી પશુધનને થતું નુકશાન

- ઈતરડીની દવાના છંટકાવથી પશુઓમાં થતા જીવલેણ રોગો જેવા કે થાઈલેરીઓસીસ, બબેસીઓસીસ, એનાપ્લાસ્મોસીસ નામનો રોગ થતો નથી.
- પશુઓમાં થતા આ રોગ ના કારણે મરણ પ્રમાણમાં ઘટાડો થાય છે.
- આ રોગ ન થવાથી પશુને મોઘી સારવાર કરવી પડતી નથી , જેથી પશુ માલિકને થતું આર્થિક નુકશાન અટકાવી શકાય છે .
- પશુની રોગ પ્રતિકારક શક્તિ જળવાઈ રહેછે .
- પશુ તંદુરસ્ત રહેવાના કારણે દૂધ ઉત્પાદનમાં વધારો થાય છે .

# ગર્ભ પ્રત્યારોપણ થકી અત્યાર સુધીમાં ૨૭ કાંકરેજ ગાયોએ આપ્યો બચ્ચાઓને જન્મ



બનાસડેરી દ્વારા ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરશન (GCMMF), NDS તથા NDDBના સંયુક્ત ઉપક્રમે દૂધ ઉત્પાદકો ના પશુઓમાં દૂધ ઉત્પાદકતા વધારવાના હેતુસર બનાસડેરીના ચેરમેન માનનીય શ્રી શંકરભાઈ સાહેબના સુચન થકી ગર્ભ પ્રત્યારોપણ કાર્યક્રમ વર્ષ ૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત કાંકરેજ ગાય કે જેનું વેતરનું દૂધ ઉત્પાદન ૪૦૦૦ થી ૫૫૦૦ લિટર કે તેથી વધુ (દૈનિક ૨૦ થી ૨૬ લિટર) હોય તથા સારા શારીરિક બંધારણ વાળી અને શાંત સ્વભાવની ગાયની પસંદગી કરવામાં આવેલ હતી. આવી એક ગાયમાંથી OPU પધ્ધતિ દ્વારા ૮ થી ૧૦ બીજ (Ova) મેળવી તેને સારી ઉત્પાદન ક્ષમતા માટે સિદ્ધ થયેલ સાંઢના (જેની માતાનું દૂધ ઉત્પાદન પણ ૪૦૦૦ થી ૫૫૦૦ લિટર કે તેથી વધુ હોય) શુક્રાણુ દ્વારા લેબોરેટરીમાં ફલીનીકરણ (IVF) કરી લેબોરેટરીમાં જ ગર્ભ બનાવવામાં આવેલ. આ ૭ દિવસ ના ગર્ભનું ખેડૂતોના ફાર્મ પર અલગ અલગ ગાયોમાં પ્રત્યારોપણ કરવામાં આવેલ હતું.

ગર્ભ પ્રત્યારોપણ થકી અત્યાર સુધી ૨૭ કાંકરેજના બચ્ચા જન્મેલ છે. તે પૈકીના ૮ વાછરડાઓને દામા સીમેન સ્ટેશન ખાતે લાવીને વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવામાં આવી રહ્યો છે .જેનો ઉપયોગ ભવિષ્યમાં વીર્યના ડોઝ બનાવવામાં થશે અને જિલ્લામાં કાંકરેજ ગાયોમાં બીજદાન માટે વપરાશે.

| RECIPIENT TAG NO | CALVING DATE | Village | DONOR'S MILK YIELD | SIRES DAM'S MILK YIELD |
|---|---|---|---|---|
| 340044252156 | 07-Aug-22 | SOTAWADA | 4725 | 3996 |
| 340129610617 | 10-Sep-22 | RAIYA | 3803 | 4821 |
| 101519415862 | 31-Oct-22 | RAIYA | 4554 | 4821 |
| 340129922067 | 26-Dec-22 | SAMARVADA | 4028 | 4300 |
| 101512816132 | 21-Oct-23 | AKEDI | 4554 | 4539 |
| 101520903571 | 20-Oct-23 | AKEDI | 3749 | 4539 |
| 101509912350 | 16-Nov-23 | JEGOL | 3749 | 4539 |
| 101509924225 | 01-Nov-23 | JEGOL | 4028 | 4539 |

**ગર્ભ પ્રત્યારોપણ દ્વારા પેદા થયેલ આ વાછરડાઓ ઉચ્ચ વંશાવળી ધરાવતા હોવાથી તેના ડોઝથી પેદા થયેલ વાછરડીની દૂધ ઉત્પાદન ક્ષમતા સારી હશે.**

**આમ આ વાછરડાઓના ઉપયોગ થકી કાંકરેજ ગાયોની આવનારી પેઢીના દૂધ ઉત્પાદનમાં સારો એવો વધારો થશે જેથી દૂધઉત્પાદકોને આર્થીક ફાયદો થશે.**



# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાત્રી સભામાં સહભાગી થઈને થરાદના પશુપાલકો સાથે કર્યો સંવાદ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના વડગામડા ખાતે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ સ્થાનિક આગેવાનો-અધિકારીઓની ઉપસ્થિતિમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ. મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો, ગામના આગેવાનો, મહિલાઓ અને યુવાનો સાથે લોકસંવાદ કરી તેમના પ્રશ્નો-સમસ્યાઓ સાંભળી હતી તેમજ તેના નિરાકરણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને દીકરીઓને શિક્ષણ આપવા તેમજ પર્યાવરણની સુરક્ષા અને વીજળીની બચત માટે આખા ગામને સોલાર સજ્જ બનાવવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ આ તબક્કે ગ્રામજનોને નવીન ટ્યુબવેલની ભેટ આપી હતી.



ગુજરાત સરકારના લોકાભિમુખ અભિગમ અંતર્ગત સરકારી યોજનાઓની ઘરઆંગણે લોકોને યોગ્ય સમજ આપવા અને ચર્ચા વિચારણા થકી ગ્રામીણ પ્રજાજનોના પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને થરાદ તાલુકાના વડગામડા ખાતે રાત્રિસભા યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રીએ ખેડૂતો, ગામ આગેવાનો, મહિલાઓ અને યુવાનો સાથે લોક સંવાદ કરી તેમના પ્રશ્નો, સમસ્યાઓ સાંભળી તેના નિરાકરણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



બનાસકાંઠા જિલ્લાની બે દિવસની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડગામડા પે.કેન્દ્ર શાળા ખાતે લોકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન ભારત યોજના, શૈક્ષણિક સહાય, કૃષિ સહાય જેવી

વિવિધ સરકારી યોજનાથી લાભાન્વિત થયેલા લાભાર્થીઓએ મુખ્યમંત્રી સમક્ષ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીએ ગ્રામજનોની જમીન રીસર્વે, પાણી, રોડ રસ્તા, કેનાલો, શિક્ષણ, ગામમાં સ્મશાન ભૂમિ માટે જમીન ફાળવણી જેવી અનેક રજૂઆતો સાંભળી તેના નિરાકરણ માટેનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો.

મુખ્યમંત્રીએ લાક્ષણિક શૈલીમાં ગ્રામજનો સાથે લોક સંવાદ કરતાં કહ્યું કે, સારું કામ તો થયું જ છે પણ તમારી સમસ્યાઓ, મુશ્કેલીઓ અને શું જરૂરિયાત છે એ પણ કહેજો. પ્રજાને પડતી મુશ્કેલીઓ, પ્રશ્નો અને ફરિયાદનું નિરાકરણ આવે ત્યારે ગ્રામસભા અને આ લોક સંવાદ સાર્થક થાય એમ જણાવી મુખ્યમંત્રીએ લોકોને પોતાની રજૂઆત કરવા જણાવ્યું હતું.

મુખ્યમંત્રી એ ગામના વિકાસ કામો સહિતના કામોમાં ક્વૉલિટી જળવાય તે માટે ગ્રામજનોની સક્રિયતાની અપેક્ષા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દીકરીઓને ખૂબ ભણાવજો એમ કહીને ગ્રામ લોકોને નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના વિશે માહિતી આપી ગ્રામજનોને આ બંને યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે પર્યાવરણની સુરક્ષા અને વીજળીની બચત માટે આખા ગામને સોલાર સજ્જ બનાવવા અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ આ તબક્કે ગ્રામજનોને નવીન ટ્યુબવેલની ભેટ આપી હતી.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લાને ખૂબ આપ્યું છે, જિલ્લાની પાણીની સમસ્યા માટે અને ખાસ કરીને થરાદ તાલુકામાં પાણીદાર આયોજન માટે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.









## ચેરમેન શ્રી શંકરભાઈની ઉપસ્થિતિમાં દાંતીવાડા નવોદય વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈના શુભહસ્તે દાંતીવાડાની જવાહર નવોદય વિદ્યાલય ખાતે "એક પેડ મા કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જવાહર નવોદય વિદ્યાલય ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શાળા કેમ્પસમાં આમંત્રિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવોદય વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માન. ચેરમેન શ્રી શંકરભાઈ એ ઉપસ્થિત લોકોને સંબોધિત કરતા કહ્યું હતું કે "દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક વૃક્ષ માતાના નામે ઉછેરવા આહવાન કર્યું છે. તેમણે વૃક્ષને માતા સાથે જોડી વૃક્ષારોપણના કામને નવી દિશા આપી છે. વિદ્યાર્થીકાળના સંસ્મરણોને યાદ કરતા ચેરમેનશ્રી એ જણાવ્યું હતું કે વિદ્યાર્થી જીવનની યાદો અને ખુશી અલગ હોય છે. દેશનો ઈતિહાસ બદલવાનું કાર્ય મધ્યમ પરિવારોએ કર્યું છે. મધ્યમ પરિવારો સાથે જોડાયેલા લોકો જીવનની વાસ્તવિક પરિસ્થિતિ થી વધુ વાકેફ હોય છે, જેથી કોઈપણ કામમાં તેઓની સહભાગિતા વધુ હોય છે. નવોદય પરિવારની સુંદર કામગીરી બિરદાવી હતી. ચેરમેનશ્રી એ કહ્યું હતું કે દરેક વૃક્ષમાં ભગવાન વસેલા છે, તેથી આપણે આ પ્રકૃતિનું સંવર્ધન કરવું જોઈએ. વૃક્ષ પરોપકારનું ખૂબ મોટું કામ કરે છે તેથી તેનું જતન કરવું એ પ્રકૃતિની સેવા છે. વૃક્ષોનું વાવેતર કરવું એ પ્રકૃતિની નિસ્વાર્થ ભક્તિ છે.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના પૂર્વ સાંસદશ્રી દિનેશભાઈ અનાવાડિયા, જિલ્લા કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલ, બનાસ મેડિકલ કોલેજના પ્રમુખશ્રી પી.જે.ચૌધરી, સ્થાનિક આગેવાનો, અધિકારીશ્રીઓ, શિક્ષકગણ, પૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ઉર્જા સ્વ-નિર્ભરતાને અપનાવવામાં બનાસ ડેરી મોખરે



ગ્રીન એનર્જીને પ્રોત્સાહિત કરવા અને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ, બનાસ ડેરીએ સણાદર ખાતે રૂ. 4.34 કરોડ રૂપિયાના ખર્ચે 1 મેગાવોટની ક્ષમતાનો સોલાર પેનલ પ્લાન્ટ સ્થાપિત કર્યો છે. આ સોલાર પેનલ પ્લાન્ટ દરરોજ 36,000 રૂપિયાની કિંમતના 4,500 યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના પૂર્વ સાંસદશ્રી દિનેશભાઈ અનાવાડિયા, જિલ્લા કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલ, બનાસ મેડિકલ કોલેજના પ્રમુખશ્રી પી.જે.ચૌધરી, સ્થાનિક આગેવાનો, અધિકારીશ્રીઓ, શિક્ષકગણ, પૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સોલાર પેનલની મદદથી ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતાને પ્રોત્સાહિત કરવામાં આવશે.**

**ઉત્પન્ન થતી વીજળી ખર્ચ ઘટાડવામાં મદદ કરશે.**

**આ પહેલ પર્યાવરણને સ્વચ્છ રાખવામાં પણ મદદરૂપ થશે.**



Banas Dairy

# બનાસ ફૂડલેન્ડ રેસ્ટોરન્ટ

**આત્મનિર્ભર બનાસ ડેરીનું આ એક અનોખું સાહસ છે, જે બનાસકાંઠાના ભોજનનો અસલી સ્વાદ લોકોને આપે છે.**




**પરિવાર સાથે તમારી મનપસંદ અને સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ માણવા આજે જ પધારો.**

Banas FoodLand
રેસ્ટોરન્ટ અને અમૂલ પાર્લર








# સહકારિતા ક્ષેત્રને દેશના અર્થતંત્રનો સૌથી મજબૂત સ્તંભ બનાવી વિકસિત ભારતનું નિર્માણ કરીએ: કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ




ગાંધીનગર ખાતે ૧૦૨મા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય કક્ષાનો "સહકાર સે સમૃદ્ધિ" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી મુરલીધર મહોલ અને ગુજરાતના સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિત દેશભરના સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ ગુજરાત સરકારના નિર્ણયને બિરદાવતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે ખેડૂતોને નેનો યુરીયા અને નેનો ડીએપીની ખરીદી પર ૫૦ ટકાની વિશેષ સહાય આપવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. પારંપરિક યુરિયાના સ્થાને નેનો યુરીયા અને નેનો ડીએપી પ્રવાહીનો ઉપયોગ કરવાથી યુરિયાનો વપરાશ ઘટશે, જેથી પાક અને જમીનની ગુણવત્તા સાથે માનવ સ્વાસ્થ્યમાં પણ નોંધપાત્ર સુધારો આવશે. નેનો યુરિયાના ઉપયોગથી થતા વિવિધ ફાયદાઓ અંગે વિસ્તૃત વાત કરી તેમણે રાજ્યના દરેક ખેડૂતો નેનો યુરિયાનો ઉપયોગ કરે તે માટે પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો.

બનાસકાંઠામાં ૧૬ લાખથી વધુ પુખ્ત પશુઓ છે, જે દરરોજ ૨.૪ કરોડ કિલોગ્રામથી વધુ છાણનું ઉત્પાદન કરે છે. જો આ ગાયના છાણમાંથી ૨૦% બાયોગેસ ઉત્પાદન માટે વાપરવામાં આવે તો એકલા બનાસકાંઠામાં ૧૦૦ થી વધુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપી શકાય. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપે માર્ગદર્શન અને વિઝનને અનુસરીને બનાસડેરી ગોબરધનના પ્રોજેક્ટ થકી જિલ્લામાં સ્વચ્છ ઇંધણ અને જૈવિક ખાતરોનું ઉત્પાદન કરી સર્ક્યુલર ઇકોનોમી પ્રસ્થાપિત કરવા માટે આગળ વધી રહી છે. શરૂઆતના પ્રાયોગિક પ્લાન્ટની સફળતા પછી સુઝુકી કંપનીના સહયોગથી વધારેમાં વધારે બાયોગેસ પ્લાન્ટોની જિલ્લામાં સ્થાપના કરવામાં આવશે એવું બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું.

સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારિતાને પ્રોત્સાહન આપવા સહકારિતા ક્ષેત્રનો સંપૂર્ણ આર્થિક વ્યવહાર સહકારી ક્ષેત્રમાં જ કરવા કેન્દ્રીય મંત્રીએ સૌને અનુરોધ કર્યો હતો. તેમણે ગુજરાતના ૨ જિલ્લાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, "કો-ઓપરેશન અમોન્ગ્સ કો-ઓપરેટીવ" અંતર્ગત ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. માત્ર આ બે જિલ્લામાં જ રૂ. ૭૮૫ કરોડની ડીપોઝીટ વધારવામાં સફળતા મળી છે. આ બંને જિલ્લામાં મળી ઝીરો ટકા વ્યાજે આશરે ૨૩,૦૦૦થી વધુ કિસાન ક્રેડીટ કાર્ડ તેમજ ૩.૮ લાખ RuPay ડેબીટ કાર્ડ ખેડૂત ભાઈઓ અને દૂધ ઉત્પાદન કરતી માતાઓને આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે જૈવિક ઉત્પાદનો એટલે કે, ઓર્ગેનિક ફૂડને પ્રોત્સાહન આપવા નેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનીક્સ લીમીટેડની સ્થાપના કરી છે. આ સંસ્થાના માધ્યમથી ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને ઉત્પાદન સામે યોગ્ય ભાવ મળતા થયા છે. આજે નેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનીક્સ લી.(N C O L) દ્વારા પ્રથમવાર 'ભારત ઓર્ગેનિક આટા'નું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. હવે ભારત ઓર્ગેનિક અને અમૂલ જેવી બે વિશ્વસનીય બ્રાંડ છે, જે સાચા અર્થમાં ઓર્ગેનિક ફૂડને પ્રોત્સાહન આપે છે. આ બંને બ્રાન્ડના ફૂડ ૧૦૦ ટકા ઓર્ગેનિક છે તેની પુષ્ટિ વિશ્વની સૌથી આધુનિક તકનીકના માધ્યમથી કરવામાં આવી છે. અમૂલે પણ આજે દિલ્હી ખાતે દેશના સૌ પ્રથમ અમૂલ ઓર્ગેનિક સ્ટોરનો શુભારંભ કર્યો છે. આગામી સમયમાં અમૂલ દેશભરમાં વધુ ૧૦૦ અમૂલ ઓર્ગેનિક સ્ટોર શરૂ કરશે

અમીત શાહે જણાવ્યુ કે, આજે નાફેડ, ઇફકો, અમૂલ, ક્રિભકો જેવી વિવિધ સહકારી સંસ્થાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ રહી છે, પણ તેનાથી સંતોષ કરવાની જરૂર નથી. આવતા પાંચ વર્ષમાં ભારત દેશમાં સહકારિતાનો એટલો મજબૂત પાયો નાખીએ કે, આવતા ૧૨૫ વર્ષ સુધી સહકારિતા દરેક ગામ અને ઘર સુધી પહોંચે. સરકારે સહકારિતાને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. સહકારિતા માધ્યમથી ભારત સરકારે મકાઈની ખેતી કરતા ખેડૂતોની સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મકાઈના ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળે તે માટે કો-ઓપરેટીવ સંસ્થાઓના માધ્યમથી મકાઈની MSP એટલે કે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે અને તેમાંથી પેટ્રોલમાં મિશ્રણ માટે ઇથેનોલનું નિર્માણ કરવામાં આવશે. સાથે જ ભારત સરકારે નાફેડ અને કન્ઝ્યુમર કો-ઓપરેટીવના માધ્યમથી મુખ્ય ચાર દાળની પણ ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે..



તેમણે વધુમાં  જણાવ્યું કે, અમૂલના માધ્યમથી આશરે ૩૫ લાખ જેટલી બહેનો આજે માત્ર ૧૦૦ રૂપિયાના નજીવા રોકાણથી વાર્ષિક રૂ. ૭૦૦૦ કરોડનો વેપાર કરી રહી છે, જે સહકારિતાનું ઉત્તમ ઉદાહરણ છે. દેશમાં અંદાજે બે લાખ જેટલી પંચાયતો એવી છે, જે ગામોમાં દૂધ ડેરી અથવા પેક્સ નથી. ભારત સરકાર આગામી સમયમાં આ તમામ ગામો ખાતે મલ્ટીપર્પઝ પેક્સ તૈયાર કરશે.

સહકારી કામમાં એક સૂત્રતા જળવાય તે હેતુથી પેક્સ માટે 'મોડેલ બાય લોઝ' તૈયાર કરવામાં આવ્યા છે. જેના માધ્યમથી ખેડૂતો, રેલવે ટિકિટ, પેટ્રોલ પંપ, સીએનજી પંપ જેવી અનેક નવી પ્રવૃત્તિઓ કરી શકે છે. આજે અંદાજે ૪૮,૦૦૦ જેટલા પેક્સ આ નવા આયામો સાથે જોડાયા છે. આ સિવાય રાષ્ટ્રીય કક્ષાએ ત્રણ નવી મલ્ટીસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી તૈયાર કરી છે, તેની સાઈટ પર જઈને પેક્સ સાથે જોડાણ કરી શકાશે. નવીન બાય લોઝના પરિણામે વિવિધ પ્રવૃત્તિઓ માટે કો-ઓપરેટીવ બેંકો સભાસદોને વિવિધ લોન પણ આપી રહી છે.

તેમણે નાબાર્ડ સહિત દેશભરની અન્ય રાજ્ય સહકારી બેન્કોને અનુરોધ કર્યો હતો કે, જિલ્લા સહકારી બેન્કો અને જિલ્લા દૂધ ઉત્પાદક સંઘોને સાથે રાખીને દરેક ડેરી, દરેક પેક્સ અને દરેક સહકારી સંસ્થા તેમનું બેન્ક ખાતું જિલ્લા સહકારી બેન્ક અથવા રાજ્ય સહકારી બેન્કોમાં ખોલાવીને તેમાં મહત્તમ નાણાકીય વ્યવહારો કરે. જેથી સહકારિતા ક્ષેત્ર મજબૂત થશે, બચત પણ વધશે અને સહકારી સંસ્થાઓનો આત્મવિશ્વાસ પણ વધશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણી 'કો-ઓપરેટીવ બિલ્ડ એ બેટર ફ્યુચર ફોર ઓલ' ના ધ્યેય સાથે થઈ રહી છે. મુખ્યમંત્રીએ પાછલા એક દશકમાં સહકારિતા ક્ષેત્રની જે કાયાપલટ પ્રથમ સહકાર મંત્રી અમિત શાહના દ્રષ્ટિવંત નેતૃત્વમાં થઈ છે તેની પણ છણાવટ કરી હતી. ગુજરાતમાં સહકારી ક્ષેત્રની વિશેષતાઓ જણાવતાં કહ્યું કે, ૮૩ હજારથી વધુ મંડળીઓના ૨ કરોડ 30 લાખથી વધુ સભાસદો સહકારિતાથી 'સમાન હેતુ, સમાન હિત, સમાન ધ્યેય'ની ભાવનાથી કાર્યરત છે. રાજ્યમાં સહકારી સંસ્થાઓ હવે મેડિકલ કોલેજથી લઈને વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર માટેના સેવા કાર્યોમાં યોગદાન આપે છે.









# સ્વચ્છ દૂધનું ઉત્પાદન

દૂધ એ પ્રાકૃતિક પોષક તત્વોનો ઉત્તમ સ્ત્રોત છે, જેણે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં અને લોકોનું જીવન ધોરણ સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.  ચેરમેન શ્રી શંકરભાઈ ના નેતૃત્વમાં દૂધનું સંપાદન તો વધ્યું જ સાથે પશુપાલકોની આવક-સુખ સુવિધામાં પણ અદભૂત પરિવર્તન આવ્યું છે. પરંતુ આજના આધુનિક યુગમાં સ્વચ્છ દૂધનું ઉત્પાદન થાય તે મહત્વનું છે. ગાય કે ભેસનું દૂધ મંડળીમાં આપી દેવાથી જવાબદારી પુરી થઇ જતી નથી. અત્યારે આપણો ભારત દેશ દુનિયાભરમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં સૌથી આગળ છે, પરંતુ આ પરિસ્થિતિમાં પશુપાલકોની જવાબદારી વધુ વધી જાય છે. બદલાતા સમય સાથે દુધને સ્વચ્છ રાખવાની જવાબદારી આજના સમયની માંગ છે ત્યારે આજે સ્વચ્છ દૂધનું ઉત્પાદન કેવી રીતે કરવું તે અંગે અહિયા જણાવવામાં આવ્યું છે. જો સ્વચ્છ દૂધનું ઉત્પાદન થાય અને વાનગીઓ બને તો પશુપાલક પરિવાર અને ડેરીને ફાયદો થશે.



## સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ

- સ્વચ્છ દૂધ ઉત્પાદનથી ઉત્પાદક, વિતરણ કરનાર અને વાપરનાર એમ ત્રણેયને ફાયદો થાય છે.
- સ્વચ્છ દૂધથી ઉત્પાદકને ભાવ ઊંચા મળે છે તથા સમૃદ્ધિમાં વધારો થાય છે.
- સ્વચ્છ દૂધ થકી આરોગ્ય સારું રહે છે અને પૌષ્ટિક આહાર મળે છે.
- સ્વચ્છ દૂધ લાંબા સમય સુધી બગડતું નથી જેથી તેનો વેપાર કરનાર પોતાની અનુકુળતાએ તેનો વેપાર કે વિતરણ કરી શકે છે.
- સ્વચ્છ દુધની બનાવટો વધુ સમય સુધી સાચવી શકાય છે તેમજ ઉચ્ચ ગુણવત્તાયુક્ત રહે છે.
- દૂધની પેદાશોની નિકાસ કરવાનું સરળ રહે છે.

દૂધ અને તેની બનાવટોના આરોગ્યને લગતા ધારાધોરણો જાળવવાનું કામ સરળ બને છે.

## સ્વચ્છ દૂધનું ઉત્પાદન કરવા આ બાબતોને ધ્યાનમાં રાખીએ

- પશુને સ્વચ્છ અને નિરોગી રાખવું.
- પશુ બાંધવાની જગ્યા (ગમાણ) સ્વચ્છ રાખવી.
- તેને સ્વચ્છ પાણી પીવા આપવું.
- દૂધ દોહવા અને દૂધ રાખવા માટે સ્ટેનલેસ સ્ટીલનાં સ્વચ્છ વાસણનો જ ઉપયોગ કરવો.
- દૂધ દોહતા પહેલાં હાથ સાબુથી ધોવાં.
- બાવલાં સ્વચ્છ પાણીથી ધોઈને સાફ ધોયેલા કપડાથી સૂકવવા.
- દૂધ દોહતા પહેલાં દરેક આંચળ માંથી દૂધની એક-બે ધાર બહાર જતી કરવી.
- દૂધ દોહનાર સ્વચ્છ અને નિરોગી માણસ હોય, જેઓ બીડી, તમાકુ, પાન વગેરેનું દોહતી વખતે સેવન ન કરે.
- દૂધ આપતાં પશુનં લીલો ચારો ખવડાવવો.
- દોહ્યા પછી બાવલાં સ્વચ્છ પાણીથી ધોવાં અને પછી જીવાણુંનાશક મિશ્રણમાં બોળવાં જેથી આંચળમાં થતાં રોગથી બચે.
- દૂધ ઢાંકીને મંડળી સુધી જલ્દી પહોંચાડવું.
- જો સંભવ હોય તો મંડળી પર દૂધ ઠંડું રાખવુ જેથી તે બગડે નહીં.

બનાસ ડેરી સાથે જોડાયેલ સૌ પશુપાલકો ઉપર જણાવેલ બાબતોને ધ્યાનમાં રાખીને દૂધનું ઉત્પાદન કરે તો દૂધ ઉત્પાદકો, ડેરી તેમજ ગ્રાહકોને ફાયદો થશે. ચાલો, આપણે સૌ સ્વચ્છ દૂધ ઉત્પાદનની ઝુંબેશમાં જોડાઈ મોટા પ્રમાણમાં સ્વચ્છ દૂધનું ઉત્પાદન કરીએ.









**દૂધના પૈસા ખોટી રીતે કોઈના ઘરમાં ગયા તો તે ક્યારેય સુખી નહિ થાય, કારણ કે આ પુરુષાર્થ, પરિશ્રમ અને પુણ્યના પૈસા છે.**





**જો પૈસા ઘરમાં આવે પણ સુખ ન આવે, તો તે પૈસા કોઈ કામના નથી. હું બનાસ ડેરી સાથે રહીને, જે હક જેનો છે, તેને પરિશ્રમપૂર્વક પહોંચાડવાનો પ્રયત્ન કરું છું.**